**સ્પે. મુ. નંબર : ૨૮/૨૦૨૧**

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાવો દાખલ થયા તારીખ | : | ૧૬/૧૨/૨૦૨૧ | | |
| રજીસ્ટર લીધા તારીખ | : | ૧૬/૧૨/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૦૩ | ૧૪ |

## વાગરાનાં મ્હે. પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબની અદાલતમાં, મુ. વાગરા.

**સ્પે. મુ. નં. : ૨૮/૨૦૨૧**
**આંક :– ૬૩**

(૧) નલીનભાઈ જયરામભાઈ પટેલ,
ઉ.વ. પુખ્ત, ધંધો–નિવૃત,
રહે. રાજકમલ બિલ્ડીંગ, જી.આઈ.ડી.સી,
અંકલેશ્વર, જિ. ભરૂચ. **......વાદી**

**વિરૂધ્ધ**

(૧) હમીદ મહમદ સિંધી,
ઉ.વ. પુખ્ત, ધંધો – વેપાર,
રહે. મુ. પો. પરવટ, તા. હાંસોટ, જિ. ભરૂચ.

(૨) ઈમ્તીયાજ એ. જમાદાર,
ઉ.વ. પુખ્ત, ધંધો – વેપાર,
રહે. જલારામ નગર, કરજણ, જિ. વડોદરા.

(૩) રફીકોદ્દીન મોહયુદ્દીન નાગમીયાના વારસો
૩/૧ મોહંમદ શારીક રફીકુદ્દીન નાગમીયા

ઉ.વ. પુખ્ત, ધંધો – ખેતી .....**પ્રતિવાદીઓ**

**બાબત : રૂા. ૨૦,૭૫,૦૦૦/– ની રીકવરી બાબતનો દાવો.**

| |
|---|
| // વાદી તરફે વિ. વ... ........................ શ્રી એમ.સી. પરમાર // |
| // પ્રતિવાદી નં. ૧, ૨ તરફે એકતરફી// <br> //પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ. ......................... જે.એચ.કાદરી // |

**:: ઠરાવ ::**

(૧) વાદીનાં દાવાની સંક્ષીપ્તમાં હકિકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદી નં. ૧ ગુરુભાઈ છે. વાદી તથા પ્રતિવાદી નં. ૧ બંને હાંસોટ મુકામે આવેલ છોટુમિયાની દરગાહ ઉપર અવાર–નવાર ભેગા થતાં હોવાને કારણે ઘણા વર્ષોથી એકબીજાના પરિચયમાં હતા અને એકબીજાને સારી રીતે ઓળખાતા હતા. વાદીને ખેતીલાયક જમીન ખરીદવાની હોવા અંગેની વાતચીત પ્રતિવાદી નં.૧ સાથે સને–૨૦૧૦ની સાલમાં થયેલી પ્રતિવાદી નં. ૧ નાએ વાદીને જણાવેલ કે, મારા એક મિત્ર કરજણના છે અને તેઓ જમીન દલાલીનો ધંધો કરે છે તમને સારી અને સસ્તા ભાવે જમીન અપાવશે થોડા દિવસ બાદ પ્રતિવાદી નં. ૧ વાદીના ઘરે આવેલ અને જણાવેલ કે, મોજેગામ ખડખંડાલી, તા. વાગરા, જી. ભરૂચ મુકામે સર્વે નં. ૪૭ વાળી જમીન આવેલી છે જે વેચાણ કરવાની છે. જેથી વાદીએ પ્રતિવાદી નં. ૧ પાસે સર્વે નં. ૪૭ ની જમીનના માલિકી અંગેનો પુરાવો માંગેલો ત્યારે પ્રતિવાદી નં. ૧ નાએ થોડા દિવસ બાદ સર્વે ન. ૪૭ નો પ્રતિવાદી નં. ૩ નાએ જમીન ખરીદ કરેલ તે જમીનનો તા. ૩૦/૦૩/૨૦૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજની નકલ આપેલી જે વેચાણ દસ્તાવેજમાં સદર જમીન માત્ર ૯૦,૦૦૦/– માં ખરીદ કરેલાની હકીકત હતી જેથી

વાદીએ પ્રતિવાદી નં. ૧ ને જણાવેલ કે આ જમીન તો ઘણી સસ્તી છે ત્યારે પ્રતિવાદી નં. ૧ ના એ જણાવેલ કે આ જમીન પ્રતિવાદી નં. ૩ નાએ જમીનના મૂળ માલિક પાસેથી ૨૦૦૮ની સાલમાં ૧૭,૨૫,૦૦૦/–માં ખરીદ કરેલ છે પરંતુ ટેક્સ બચાવવા માટે દસ્તાવેજ માત્ર ૯૦,૦૦૦/– નો કરેલ છે. હાલમાં વાગરા તાલુકાની જમીનના ભાવો દહેજ તથા વિલાયત જી.આઈ.ડી.સી ને કારણે ઘણા વધી ગયેલા છે. જી.આઈ.ડી.સી. એક એકરના ૧૭,૦૦,૦૦૦/– ના ભાવે જમીન સંપાદન કરે છે. પરંતુ પ્રતિવાદી નં. ૩ નાને પૈસાની ખાસ જરૂરિયાત છે માટે જમીન વેચવાની છે. જો તમારે આ જમીન ખરીદવી હોય તો રૂ. ૨૦,૨૫,૦૦૦/– માં મારા મિત્ર દ્વારા અપાવીશ. રૂ. ૨૦,૨૫,૦૦૦/– તેમાંથી રૂ. ૩,૦૦,૦૦૦/– પ્રતિવાદી નં. ૨ ના જ્યારે ૧૭,૨૫,૦૦૦/– પ્રતિવાદી નં. ૩ ને આપવાના છે અને આ વાત ખાનગી રાખવાની છે એ રીતે વાત કરેલી જેથી વાદીને પ્રતિવાદી નં. ૧ સાથે સદર જમીન ખરીદવા માટેની તૈયારી બતાવેલી પરંતુ વાદીએ જણાવેલ કે તેમની પાસે હાલમાં રૂા. ૨૦,૨૫,૦૦૦/– માં| રૂ. ૫,૦૦,૦૦૦/– જેટલી રકમ ખૂટે છે જે તમને થોડા દિવસ પછી આપી દઇશ, એટલે પ્રતિવાદી નં. ૧ નાએ જણાવેલ કે પ્રતિવાદી નં. ૩ ની હજુ જમીન ઉપર વેચાણની નોંધ પાડવાની બાકી છે માટે આપણે પહેલા બાનાખત કરી લઈએ અને જેવી નોંધ કિલયર થશે એટલે વેચાણ દસ્તાવેજ કરી દઇશું પરંતુ તમારે જમીન સોદાની રકમ પૂરેપૂરી આપવી પડશે. આ જમીન ખરીદવા ઘણા લોકો તૈયાર છે અને તમારે મારા ઉપર ભરોસો રાખવાનો છે આમ વાદીએ પ્રતિવાદી નં. ૧ ઉપર ભરોસો રાખી સંમતી બતાવેલી અને તે રીતે એક એકરના રૂપિયા ૫,૦૦,૦૦૦/– લેખે સદર જમીનનો સોદો ૧૭,૨૫,૦૦૦/– નક્કી થયેલા અને પ્રતિવાદી નં. ૨ ની દલાલીના રૂપિયા ૩,૦૦,૦૦૦/– મળી રૂપિયા

૨૦,૨૫,૦૦૦/– પ્રતિવાદી નં. ૧ સાથે નક્કી થયેલા આમ પ્રતિવાદી નં. ૧ તથા વાદી ગુરુભાઈ હોય પ્રતિવાદી સાથે સારા સંબધો હોય, વાદીએ પ્રતિવાદી નં. ૧ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી તા. ૦૬/૦૮/૨૦૧૦ ના રોજ રૂ. ૧૩,૭૫,૦૦૦/– રોકડા તથા રૂપિયા ૧,૫૦,૦૦૦/– નો ચેક વાદીના સાઢુભાઈના દેનાબેંક જી.આઈ.ડી.સી. બ્રાન્ચ, અંકલેશ્વર ના એકાઉન્ટનો આપેલો, તેમાં રકમ આકડામાં લખેલી અને સહી કરેલી બાકીની વિગત કોરી રાખી તે રીતે કોરો ચેક નં. ૧૧૦૦૨૨ વાદીના ઘરે અંકલેશ્વર મુકામે આપેલો. રૂ. ૧૩,૭૫,૦૦૦/– રોકડા આપેલા તેમાથી ૩,૦૦,૦૦૦/– પ્રતિવાદી નં. ૨ ની દલાલીના હતા. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ નાઓ તારીખ ૦૯/૦૮/૨૦૧૦ નારોજ સદર જમીનનું બાનાખત તૈયાર કરી લાવી વાદીના ઘરે અંકલેશ્વર મુકામે આવેલા. જે તૈયાર બાનાખત ઉપર વેચાણ આપનાર તરીકે નં. ૩ નો ફોટો લગાવેલો હતો તથા સહી હતી અને તે બાનાખત ના પાન નં. ૨ ઉપર જમીનની એક એકરની ૫ લાખ લેખે પૂરી કિંમત રકમ ૧૭,૨૫,૦૦૦/– બતાવેલા હતા. જેમાં ૧૦,૭૫,૦૦૦/– તથા 3,00,000/– દલાલીના મળી કુલ ૧૩,૭૫,૦૦૦/– રોકડા તથા રૂપિયા ૧,૫૦,૦૦૦/– નો ચેક વાદીના સાઢુભાઈના દેનાબેંકના એકાઉન્ટનો આપેલો. તેમાં રકમ આંકડામાં લખેલી અને સહી કરેલી બાકીની વિગત કોરી રાખી તે રીતે કોરો ચેક નં.૧૧૦૦૨૨ આપેલો તેનો પણ ઉલ્લેખ કરેલ હતો તથા પાન નં. ૩ ઉપર વેચાણ આપનારની સહીની સાથે વેચાણ રાખનાર તરીકે વાદીએ સહી કરેલી. છેલ્લાં પાને ફોટો લગાવી બાજુના કૉલમમાં પણ વાદીએ સહી કરેલી ત્યારે વાદીએ પ્રતિવાદી નં. ૧ ને પૂછેલ કે જમીન વેચાણ કરનાર ક્યાં છે ત્યારે પ્રતિવાદી નં. ૧ નાએ જણાવેલ કે તેઓ ભરૂચ મુકામે છે અને રૂપિયા તથા ચેક તેમને આપી દીધેલ છે તમને આ| બાનાખત નોટરી કરાવી આપી જઈશ તથા રૂપિયા

3,00,000/– ની રસીદ પણ આપી જઈશ. ત્યારબાદ ત્રણ ચાર દિવસબાદ પ્રતિવાદી નં. ૧ નાઓ વાદીના ઘરે આવેલ અને પ્રતિવાદી નં.ર ની સહી વાળી રૂપિયા 3,00,000/– ની રસીદ વાદીને આપેલ ત્યારે વાદીએ બાનાખતની માંગણી કરેલી તો પ્રતિવાદી નં.૧ નાએ જણાવેલ કે, પ્રતિવાદી નં. ૩ નાઓ ને ભરૂચથી ટ્રેનમાં મુંબઈ જવાનું હોવાથી ઉતાવળમાં બાનાખત તેઓની પાસે રહી ગયેલ છે. હું તમને થોડા દિવસમાં મંગાવી આપીશ તમો મારા ઉપર ભરોસો રાખો આપણે તો ગુરુભાઈ છીએ આપણાં સંબધો બગડવા દેવાના નથી, તેવો ભરોસો આપેલો અને ત્યારબાદ વારંવાર પ્રતિવાદી નં. ૧ ને જમીનના બાનાખત તથા દસ્તાવેજ કરાવી આપવાની વાત કરતાં પ્રતિવાદી નં. ૧ જણાવતા કે પ્રતિવાદી નં. ૩ ની વેચાણ અંગેની નોંધ પડેલી હતી તે રદ થયેલ છે તે ક્વેરી છે તે સુધારી બીજી નોંધ પડે એટલે દસ્તાવેજ કરાવી દઈશ પરંતુ જે નોંધ રદ થયેલ છે તેને ફરીથી પડાવી પ્રમાણીત કરાવવાની હોય, ખર્ચ થાય તેમ છે જો તમે બાકીની ૫,૦૦,૦૦૦/–ની રકમ આપો તો હું પ્રતિવાદી ન. ૩ ને બોલાવી આ કાર્યવાહી જલ્દી કરાવી દઉં જેથી તમારો દસ્તાવેજ જલ્દી થાય જેથી વાદીએ પ્રતિવાદી નં. ૧ ને બાકીની રૂપિયા ૫,૦૦,૦૦૦/–ની રકમ એપ્રીલ–૨૦૧૧ના અરસામાં વાદીના ઘરે અંકલેશ્વર મુકામે આપેલી. ત્યારબાદ વાદીએ તપાસ કરતાં જાણવા મળેલ કે નવી નોંધ નં. ૪૭૧ તારીખ ૨૩/૧૦/૨૦૧૨ના રોજ દાખલ થયેલ છે અને તે પ્રમાણિત પણ થઈ ગયેલ હતી જેથી વાદીએ પ્રતિવાદી નં. ૧ ને જાણ કરેલ કે જમીન નં. ૩ ના નામે થઇ ગયેલ છે તમો અમને દસ્તાવેજ કરાવી આપો એટલે પ્રતિવાદી નં. ૧ નાએ જણાવેલ કે પ્રતિવાદી નં. ૩ હાલમાં વિદેશમાં છે તેઓ જેવા આવશે એટલે અમો તમને દસ્તાવેજ કરાવી દઈર્શ આમ પ્રતિવાદી નં. ૧ વાદીના ઓળખીતા હોવાને કારણે તેમની વાત માં

વિશ્વાસ રાખી વાદી રાહ જોતાં રહેલ પરંતુ વારંવાર પુછવા જતાં પ્રતિવાદી નં. ૧ વાદીને ખોટા –ખોટા આશ્વાસનો આપ્યા કરતાં હતા ત્યારબાદ સને ૨૦૧૬ માં વાદીએ પ્રતિવાદી નં. ૧ ને જણાવેલ કે, તમો બાનાખતની કોપી આપો ત્યારે પ્રતિવાદી નં. ૧ ના દ્વારા બાનાખતની કોપી આપેલી તે બાનાખતમાં પાન નં. ૨ ઉપર જે લખાણ હતું તે રકમ તથા ચેકનો ઉલ્લેખ ન હતો. પાન ન. ૩ ઉપર જમીન વેચાણ આપનારની સહીની સાથે જમીન ખરીદનાર તરીકે વાદીએ સહી કરેલી હતી તે ન હતી તથા વાદીના ફોટાની સાથે ના કોલમમાં વાદીની સહી હતી તેવું પણ પાનુ ન હતું તે બદલાયેલ હતું જેથી વાદીને શંકા જતાં વાદીએ પ્રતિવાદી નં. ૧ પાસે પ્રતિવાદી નં. ૩ ના ફોનની માંગણી કરેલી ત્યારે પ્રતિવાદી નં ૧ એ પ્રતિવાદી નં. ૩ નો નંબર આપેલો વાદીએ પ્રતિવાદી નં. ૩ ની સાથે વાતચીત કરતાં પ્રતિવાદી નં. ૩ એ વાદીને જણાવેલ કે પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ નાએ પૂરી રકમ પહોચતી કરેલી નથી માટે હું દસ્તાવેજ કરી આપવાનો નથી. જેથી વાદી પ્રતિવાદી નં. ૨ ને તેઓના ઘરે કરજણ મુકામે મળેલા અને જણાવેલ કે, તમે પણ રૂપિયા ૩,૦૦,૦૦૦/– ની દલાલી લીધેલ છે અને રસીદ લખી આપેલ છે માટે દસ્તાવેજ કરાવી આપવાની જવાબદારી તમારી છે. ત્યારે પ્રતિવાદી નં. ૨ નાએ જણાવેલ કે, હું પ્રતિવાદી નં. ૩ ને સમજાવી તમારો દસ્તાવેજ કરાવી આપીશ. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ ને મળેલા અને પ્રતિવાદી નં. ૩ ના સાથે જે વાતચીત થયેલી તેની હકીકત દર્શાવેલી જેથી પ્રતિવાદી નં. ૧ નાએ જણાવેલ કે તમોએ જે રૂપિયા ૧૭,૨૫,૦૦૦/– ની રકમ રોકડા તથા ચેકથી મને આપેલ છે તે મેં પ્રતિવાદી નં. ૩ ને આપી દીધેલી છે તમે કહેતા હોય તો હું તમને તે બદલની પાકી રસીદ આપવા તૈયાર છું અને તે રીતે પ્રતિવાદી નં. ૧ નાએ તારીખ ૦૯/૧૨/૨૦૧૬ ના રોજ નોટરીશ્રી સમક્ષ રૂપિયા ૧૭,૨૫,૦૦૦/– પ્રતિવાદી નં.

૩ ને ચૂકવેલા તે બાબતની પાકી રસીદ વાદીને લખી આપેલી અને પ્રતિવાદી નં. ૧ વાદીને જણાવેલ કે તમો દસ્તાવેજ ખર્ચના રૂપિયા ૫૦,૦૦૦/– પ્રતિવાદી નં. ૨ ને મોકલી આપો અમો તથા પ્રતિવાદી નં. ૨ નાઓ પ્રતિવાદી નં. ૩ ને સમજાવી દસ્તાવેજનું કામ પતાવી આપીશું. જેથી વાદીએ તેમના સાઢુભાઈ ના પુત્ર| વિજ્ઞેશકુમારના યુકો બેન્ક અંકલેશ્વરના સિટી બ્રાન્ચના એકાઉન્ટ નંબર ૩૦૬૨૦૧૧૦૦૧૩૪૫૮ માંથી પ્રતિવાદી નં. ૨ ના બેન્ક ઓફ બરોડા કરજણ બ્રાન્ચના એકાઉન્ટ ૦૨૧૧૦૨૦૦૦૧૦૫૬૮ માં રૂપિયા ૫૦,૦૦૦/– તા. ૧૨/૦૧/૨૦૧૭ ના રોજ ટ્રાન્સફર કરી આપેલા અને ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ અને પ્રતિવાદી નં. ૨ ને દસ્તાવેજ કરાવી આપવા અંગેની વાત કરેલી તો પ્રતિવાદી નં. ૧, ૨ ખોટા– ખોટા બહાનાઓ બતાવતા આવેલા અને ઉડાઉ જવાબ આપવા લાગેલા કે પ્રતિવાદી નં. ૩ દસ્તાવેજ કરવાની ના પાડે છે. આમ પ્રતિવાદી નં. ૧ તથા પ્રતિવાદી નં. ૨ નાઓ દ્વારા વાદીને વિશ્વાસમાં લઈ જમીન આપાવવાની લાલચ આપી વાદી સાથે ચિટીંગ કરી રૂ. ૨૦,૭૫,૦૦૦/– જેવી રકમ મેળવેલ છે. જે પૈકી ૩,૦૦,૦૦૦/. પ્રતિવાદી નં. ૨ નાએ જમીન સૌદાની દલાલી પેટે મેળવેલા છે અને તે બદલની પાકી રસીદ પણ પ્રતિવાદી નં. ૨ નાએ આપેલ છે તથા તે ઉપરાંત રૂપિયા ૫૦,૦૦૦/– દસ્તાવેજ ખર્ચની રકમ પણ વાદીના સાઢુભાઈના બેન્ક એકાઉન્ટમાંથી પ્રતિવાદી નં. ૨ ના ખાતામાં જમા કરેલ છે. પ્રતિવાદી નં. ૧ નાએ રસીદ લખી આપેલ છે કે અમોએ ૧૭,૨૫,૦૦૦/– રૂપિયા પ્રતિવાદી નં. ૩ ને આપી દીધેલ છે તેમજ વાદીના સાઢુભાઈના દેનાબેંકના એકાઉન્ટનો એમાઉન્ટ ભરીને સહી કરી કોરો ચેક નં. ૧૧૦૦૨૨ આપેલ હતો તે પણ તા. ૦૮/૧૨/૨૦૧૦ના રોજ SUHAI નામના એકાઉન્ટમાં ક્લિયર થયેલ છે. આમ, પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ પ્રતિવાદી નં. ૩

ની જમીન વાદીને વેચાણ આપવા અંગેનુ એક કાવતરું કરી તે કાવતરાના ભાગ સ્વરૂપે બનાવટી બાનાખત બનાવી ચિટીંગ કરી વાદી પાસેથી પ્રતિવાદી નં. ૧, ૨ એ રૂ. ૨૦,૭૫,૦૦૦/– જેવી રકમ પડાવેલી છે. તે રકમ પ્રતિવાદી નં. ૧, ૨ પાસે વારંવાર માંગણી કરવા છતાં ન ચૂકવતા ટેલિફોનથી વાતચીત ચાલે ત્યારે અલગ–અલગ બહાના બતાવતા આવેલા જેથી વાદીએ સને–૨૦૧૭ માં અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. અંકલેશ્વર પોલીસ સ્ટેશને તે ફરીયાદની યોગ્ય તપાસ કર્યા સિવાય મૂકી રાખેલી અને ઘણા લાંબા સમય બાદ, વાગરા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરેલી અને વાગરા પોલીસ સ્ટેશને પણ ઘણા સમય સુધી ફરીયાદની કોઈ તપાસ કરેલ નહીં અને સને–૨૦૧૮ ની સાલમાં ફરીયાદીને જવાબ લેવા માટે બોલાવેલા. ફરીયાદીનો જવાબ લીધેલો અને જણાવેલ કે, તમારે ફરીયાદ અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં જ આપવાની થાય તેમ જણાવી વાદીની ફરીયાદ દફતરે કરેલી અને જેની કોઈ કોપી પણ વાદીને આપેલી નહીં. જેથી વાદીએ વાગરા પોલીસ સ્ટેશનના કહેવા મુજબ અગાઉની ફરીયાદની કોપીની બીજી કોપી કઢાવી અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં તા. ૦૨/૦૭/૨૦૧૯ નારોજ રજી.પો.એ.ડી, થી ફરીયાદ મોકલાવેલી. પરંત તે બાબતે અંકલેથર પોલીસ સ્ટેશન દ્ધારા કોઈ તપાસ કરેલી નહીં. ત્યારબાદ કોરોના મહામારીને કારણે દેશમાં લોકડાઉન થયેલ લોકડાઉન ખૂલ્યા બાદ તપાસ કરતાં વાદીની ફરીયાદ બાબતે કોઈ તપાસ થયેલી નહીં. જેથી વાદીએ તા. ૨૬/૦૮/૨૦૨૦ નારોજ બીજી ફરીયાદ અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં રૂબરૂ આપેલી. તેની પણ કોઈ તપાસ ન થતાં અમો વાદીએ કલેકટરશ્રી ભરૂચને લેખિત ફરીયાદ મોકલાવેલી કલેકટરશ્રી ભરૂચે ફરીયાદની તપાસ કરવા બાબતે ડી.એસ.પી.શ્રી, ભરૂચને ભલામણ કરતાં અંકલેશ્વર પોલીસે વાદીને તા. ૨૦/૦૭/૨૦૨૧ નારોજ

તેમનો જવાબ લેવા બોલાવેલા અને તે જ દિવસે વાદીનો જવાબ લઈ રિપોર્ટ કરેલ કે, ફોજદારી ગુનો બનતો નથી. જેથી સિવિલ કોર્ટથી દાદ લેવા જણાવેલ. આમ અંકલેશ્વર પોલીસ સ્ટેશન દ્વારા કોઈપણ જાતની યોગ્ય તપાસ કર્યા સિવાય ગુનેગારોને બચાવવા માટે વાદીની ફરીયાદ દફતરે કરેલી નથી. અંકલેશ્વર પોલીસે યોગ્ય તપાસ ન કરતાં તે બાબતે વાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ એપ્લીકેશન નં. ૧૦૧૩૯/૨૦૨૧ દાખલ કરેલ છે. આમ, વાદી પાસેથી મોજે ખડખંડાલી તા. વાગરા, જિ. ભરૂચના સર્વે નં. ૪૭ વાળી જમીનના સોદા પેટે અવેજના રૂ. ૧૭,૨૫,૦૦૦/– પ્રતિવાદી નં. ૧ નાએ મેળવેલા છે અને તે બાબતની રસીદ પણ પ્રતિવાદી નં. ૧ નાએ લખી આપેલ છે. જ્યારે સદર કામના પ્રતિવાદી નં. ૨ એ સદર જમીનના સોદાની દલાલી પેટે રૂ. ૩,૦૦,૦૦૦/– મેળવેલ છે અને તે બાબતની રસીદ પણ લખી આપેલ છે. તેમજ વેચાણ દસ્તાવેજના ખર્ચની રકમ રૂા. ૫૦,૦૦૦/– પણ પ્રતિવાદી નં. ૨ ના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ છે. તેમ છતાં દસ્તાવેજ કરી આપેલ નથી. છેલ્લા થોડા દિવસ ઉપર પ્રતિવાદી નં. ૧, ૨ સાથે. ટેલિફોનિકથી વાતચીત થતાં પ્રતિવાદી જણાવી રહેલ છે કે, તમો બીજી જમીન ખરીદ કરો. તે જમીનના સોદામાં અમો તમને અગાઉની રકમ મજરે આપીશું. જ્યારે પ્રતિવાદી નં. ૩ ના એમ જણાવેલ છે કે, '' મને નાણાં મળેલ નથી '' આમ, પ્રતિવાદીઓએ વાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપિંડીથી રકમ પડાવેલી છે અને બાનાખત પણ બનાવટી આપેલ છે. માટે વાદીએ જે નાણાં જમીન દસ્તાવેજના સોદા પેટે પ્રતિવાદી નં. ૧ અને ૨ આપેલા તે નાણા પરત મેળવવા માટે કાયદેસર રીતે હકકદાર છે. આમ પ્રતિવાદીઓએ છેતરપીંડી કરી વાદી પાસેથી નાણા પડાવેલા છે જે બાબતે છેલ્લે તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ નોટીસ આપેલ છે. જે નોટીસનુ પાલન

કરેલ નથી જેથી હાલનો દાવો દાખલ કરવાનુ કારણ પ્રાપ્ત થયેલ છે. સબબ, વાદીએ દાદ માંગેલ છે કે, સદર કામના પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૩ની મોજેગામ ખડખંડાલી, તા. વાગરા, જિ. ભરૂચના સર્વે નં. ૪૭ વાળી જમીનનાં વેચાણ દસ્તાવેજ સોદા પેટે રૂા. ૧૭,૨૫,૦૦૦/– વાદી પાસેથી મેળવેલ છે તથા પ્રતિવાદી નં. ૨ નાએ વેચાણ દસ્તાવેજના સોદા પેટે દલાલીના રૂા. ૩,૦૦,૦૦૦/– તથા દસ્તાવેજ ખર્ચ પેટે રૂા.૫૦,૦૦૦/– આમ કુલ રૂા. ૩,૫૦,૦૦૦/– વાદી પાસેથી મેળવેલ છે અને પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ પ્રતિવાદી નં. ૩ પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી આપેલ નથી. જેથી પ્રતિવાદી નં. ૧ પાસેથી રૂા. ૧૭,૨૫,૦૦૦/– તથા પ્રતિવાદી નં. ૨ પાસેથી રૂા. ૩,૫૦,૦૦૦/–વાદી મેળવવા હકકદાર હોય, સદર નાણા વાદીને વ્યાજ સહીત ચૂકવી આપવા તેમજ પ્રતિવાદી નં. ૧ અને ૨ વાદીને નામ. કોર્ટના હુકમ મુજબ નાણાં વ્યાજ સહીત ન ચુકવી આપે તો તે નાણાં વાદી પ્રતિવાદીઓની માલ–મીલકતમાંથી વસુલ કરી શકે તથા દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) **પ્રતિવાદીઓના વાંધા–જવાબની ટુંકમાં વિગત ::–**

આ કામના પ્રતિવાદી નં. ૧ , ૨ ને દાવાનો સમન્સ/નોટિસ બજવા છતા પ્રતિવાદી નં.૧,૨ જાતે કે વકિલ મારફતે હાજર થયેલ ના હોય તેઓ વિરૂધ્ધ આ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા હુકમ કરવામા આવેલ છે. જયારે પ્રતિવાદી

નં. ૩ નાઓ તેમના વિ.વ. શ્રી મારફતે હાજર થઈ આંક ૨૧ થી પોતાનો લેખીત વાંધા જવાબ રજુ કરેલ છે અને જણાવેલ છે કે , વાદીની દાવા અરજી મનાઈ અરજી તદ્દન ખોટી, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈઓ વિરુધ્ધની છે. વાદી નામ. કોર્ટમા ચોખ્ખા હાથે ન્યાય મેળવવા આવેલ નથી. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટી અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વાદવાળી જમીનનો કેહવતો ઉપજાવી કાઢેલ બાના કરાર અને કેહવાતી રકમનો વ્યવહાર ઓગષ્ટ—૨૦૧૦ માં થયેલ છે અને વાદીએ સદર દાવો ડીસેમ્બર ૨૦૨૧ માં કરેલ છે. આમ વાદીએ ૧૦ વર્ષ અને ૪ માસ બાદ રકમ વસુલાતનો દાવો કરેલ છે. વાદીએ ૩ વર્ષમાં બાકી રકમની વસુલાતનો દાવો લીમીટેશન એકટની જોગવાઈ મુજબ કરવો પડે પરંતુ વાદીએ હાલનો દાવો ૧૦ વર્ષ અને ૪ માસના લાંબા સમયગાળા બાદ કરેલ છે. આમ વાદીના દાવાને ૭ વર્ષ અને ૪ માસના વિલંબથી કરેલ છે અને વાદીએ કોઈ વિલંબની અલગથી અરજી આપેલ નથી કે વિલંબનુ કોઈ સ્પષ્ટ કારણ પણ દાવા અરજીમાં જણાવેલ નથી. તેવા સંજોગોમાં વાદીના દાવાને લીમીટેશન એકટની જોગવાઈઓનો બાધ નડતો હોય વાદીનો દાવો લીમીટેશનની જોગવાઈઓ મુજબ પણ રદ થવાને પાત્ર છે તેમજ વાદીના દાવાને કોર્ટ ફી એકટની જોગવાઈઓનો બાધ નડતો હોય તેમજ દાવો કારણ વિનાનો હોય, વાદીએ દાવાનુ જે કારણ દર્શાવેલ છે તે તદન ખોટુ બોગસ અને દાવો કરવાના ભાગરૂપે તદન ખોટી રીતે ઉપજાવી કાઢેલ હોય, વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં. ૩ તેમના વાંધા જવાબમાં વાદીએ દાવામાં જણાવેલ તમામ હકિકતોનો ઈન્કાર કરી જણાવે છે કે પ્રતિવાદી નં. ૩ ની મોજે ખડખંડાલી તા. વાગરા, જિ. ભરૂચ સીમમાં આવેલ રે.સ.

નં.–૪૭ વાળી જમીન રજી. વેચાણ દસ્તાવેજ નં. ૫૦૩/૨૦૦૮ થી તા. ૨૯/૦૩/૨૦૦૮ ના રોજ ખરીદ કરેલી ત્યારથી વાદવાળી જમીન પ્રતિવાદી નં. ૩ની સ્વતંત્ર માલીકી કબજે ભોગવટા ચાલી આવે છે. વાદવાળી જમીનનો કોઈ બાનાખત પ્રતિવાદીએ વાદીને કરી આપેલ નથી કે વાદવાળી જમીનનો કોઈપણ પ્રકારનો અવેજ પ્રતિવાદી નં. ૩ ને આજદિન સુધી મળેલ નથી કે પ્રતિવાદીએ વાદવાળી જમીનનો કોઈ અવેજ આપ્યો હોય તેવી કોઈ રસીદ પ્રતિવાદીએ આપેલ નથી કે વાદવાળી જમીન વેચાણ કરવાની કોઈ વાતચીત પ્રતિવાદી નં. ૩ એ પ્રતિવાદી નં. ૧, ૨ ને કરેલ નથી કે તેઓએ વાદવાળી જમીન ખેતી કરવા લીધેલ હોય તેઓને સદર જમીન વેચાણ કરવાની નથી. વાદીએ વાદવાળી જમીનના વેચાણ બાબતે તેઓ સાથે કોઈ દિવસ કોઈ વાતચીત થયેલ નથી કે તેઓ વચ્ચે કોઈ નાણાકીટ લેવડ દેવડ થઈ નથી કે તેઓએ વાદવાળી જમીનના વેચાણ બાબતે વાદીને કોઈ બાનાખત કે કોઈપણ પ્રકારનું લખાણ થયેલ નથી કે વાદગ્રસ્ત દાવાની તકરારી રકમનો કોઈ વ્યવહાર પ્રતિવાદી નં. ૩ સાથે થયેલ નથી કે તેઓએ કોઈ લખાણ ઉપર સહી કરેલ નથી.

(૩) આ કામે વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી નલીનભાઈ જયરામભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું | ૨૫ |
| ૨ | સાહેદ જયોતીબેન જેસંગભાઈ પરમારની જુબાની | ૪૯ |
| ૩ | સાહેદ અનીલભાઈ ધનસુખભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું | ૫૪ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં. ૨ ને બજાવેલ જાહેર નોટીસ અસલ ન્યુઝપેપર | ૧૩ |
| ૨ | પ્રતિવાદી નં. ૩ ને બજાવેલ જાહેર નોટીસ અસલ ન્યુઝપેપર | ૧૪ |
| ૩ | બજાવેલ બંને જાહેર નોટીસનું બીલ અસલ | ૧૫ |
| ૪ | મોજે ગામ ખડખંડાલી, તા. વાગરા, જિ. ભરૂચના સર્વે નં. ૪૭ ના હાલના સર્વે નં. ૬૫ ની ગામ નમુના નં. ૭ ની ખરી નકલ | ૨૬ |
| ૫ | મોજે ગામ ખડખંડાલી, તા. વાગરા, જિ. ભરૂચના સર્વે નં. ૪૭ ના વેચાણ દસ્તાવેજ ની ખરી નકલ | ૨૭ |
| ૬ | બાનાખતની ખરી નકલ | ૨૮ |
| ૭ | પ્રતિવાદી નં. ૨ એ રૂા. ૩,૦૦,૦૦૦/– ની આપેલ રસીદની ખરી નકલ | ૨૯ |
| ૮ | પ્રતિવાદી નં. ૧ એ રૂા. ૧૭,૨૫,૦૦૦/– ની લખી આપેલ રસીદ | ૩૦ |
| ૯ | પ્રતિવાદી નં. ૧ ને રૂા. ૧,૫૦,૦૦૦/– નો ચેક કલીયર થયેલ તે બેન્ક સ્ટેટમેન્ટ | ૩૧ |
| ૧૦ | પ્રતિવાદી નં. ૨ ને રૂા. ૫૦,૦૦૦/– ચુકવેલા તે બેન્ક સ્ટેટમેન્ટની | ૩૨ |

| | | |
|---|---|---|
| | ખરી નકલ | |
| ૧૧ | વાદીએ સને ૨૦૧૭ ની સાલમાં અંકલેશ્વર પો.સ્ટે.માં આપેલ ફરીયાદની ખરી નકલ | ૩૩ |
| ૧૨ | તા. ૦૨/૦૭/૨૦૧૯ ના રોજ રજી. પોસ્ટ. એડી. અંકલેશ્વર પો.સ્ટે. મા મોકલાવેલી તે ફરીયાદની કોપી | ૩૪ |
| ૧૩ | રજી. પોસ્ટ એડી. ની સ્લીપની | ૩૫ |
| ૧૪ | તા. ૨૬/૦૮/૨૦૨૦ ના રોજ અંકલેશ્વર પો.સ્ટે. માં આપેલ ફરીયાદની નકલ | ૩૬ |
| ૧૫ | તા. ૦૫/૦૩/૨૦૨૧ ના રોજ કલેકટરશ્રી ભરૂચને આપેલ ફરીયાદની નકલ | ૩૭ |
| ૧૬ | કલેકટરશ્રી ભરૂચ ડી.એસ.પી.શ્રીને કરેલ ભલામણ પત્રની ખરી નકલ | ૩૮ |
| ૧૭ | તા. ૨૦/૦૭/૨૦૨૧ ના રોજ અંકલેશ્વર પો.સ્ટે.મા વાદીનુ લીધેલ સ્ટેટમેન્ટની ખરી નકલ | ૩૯ |
| ૧૮ | તા. ૨૦/૦૭/૨૦૨૧ ના રોજ પોલીસે કરેલ રીપોર્ટની ખરી નકલ | ૪૦ |
| ૧૯ | વાદીએ પ્રતિવાદીઓને આપેલ નોટીસ | ૪૧ |
| ૨૦ | પ્રતિવાદીઓને આપેલ નોટીસ રજી. પો. એ.ડી.ની સ્લીપ | ૪૨ |
| ૨૧ | વાદીએ નામ. ગુજરાત હાઈકોર્ટમા દાખલ કરેલ સ્પેશીયલ સિવિલ એપ્લીકેશનની ખરી નકલ | ૪૩ |
| | નોટરી રજીસ્ટરના પાનાની નકલ | ૫૦ |

આ સિવાય વાદીઓ તરફથી કોઈ પુરાવો રજુ રાખેલ નથી અને વાદીઓ તરફે **આંક–૫૬** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

આ કામે પ્રતિવાદી નં. ૧, ૨ વિરૂધ્ધ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા હુકમ થયેલ છે જયારે પ્રતિવાદી નં.૩/૧ તરફે આંક–૬૨ થી પુરસીસ રજુ કરી વાદીએ તેઓ વિરુધ્ધ કોઈ દાદ માંગેલ ના હોય પોતે પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનુ જાહેર કરેલ છે આમ પ્રતિવાદી નં.૩/૧ તરફે કોઈ પુરાવો રજુ કરવામા આવેલ નથી તથા પ્રતિવાદી નં.૩ તરફે કોઈ લેખિત કે મૌખિક દલીલ પણ કરેલ નથી.

(૪) આ કામે વાદીઓ તરફે વિ. વ. શ્રી એમ. સી. પરમારની દલીલો સાંભળી તેઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૧,૨ નાઓએ પ્રતિવાદી નં.૩ ની દાવા અરજીમા જણાવ્યા મુજબની ખેતીની જમીન વેચાણ અપાવવા માટે આ કામના પ્રતિવાદી નં.૩ ને ચુકવવામ માટે ની રકમ મેળવી તે રકમ પ્રતિવાદી નં.૩ ને ચૂકવેલ નથી અને બાનાખત ના આધારે તે રકમો પ્રતિવાદી નં.૧,૨ નાઓએ મેળવેલ છે જેમા પ્રતિવાદી નં.૧ નાઓએ રૂપિયા ૧૭,૨૫,૦૦૦ તથા પ્રતિવાદી નંબર–૨ નાએ દલાલી પેટે રૂપિયા ૩,૦૦,૦૦૦ તથા દસ્તાવેજ કરાવી આપવાના ખર્ચ પેટે રૂપિયા ૫૦,૦૦૦ એમ પ્રતિવાદી નં.૧,૨ નાએ વાદી પાસેથી નાણા લઈ પ્રતિવાદી નં.૩ ને તે રકમ ચૂકવેલ નહિ અને બાનાખત મુજબમા વેચાણ દસ્તાવેજ થઈ શકેલ નથી અને પ્રતિવાદીઓએ વાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ છે જે પ્રતિવાદીઓનુ સતત ગેરકાયદેસર કૃત્ય ચાલુ રહેલ જે બદલ વાદીએ અંકલેશ્વર પોલીસ સ્ટેશન તથા વાગરા પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલી જેમા પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામા આવેલી નહિ અને સિવિલ કોર્ટ રાહે દાદ મેળવવા જણાવી વાદીની અરજી દફતરે કરી લીધેલ. આમ પ્રતિવાદી નં.૧,૨ નાઓએ વાદી પાસેથી જે જે રકમો મેળવેલ તે બાબતની પ્રતિવાદી નં.૧,૨ નાઓએ પહોંચ

પણ વાદીને આપેલ હતી જે આ કામે પુરાવામા રજુ રાખેલ છે અને મેળવેલ રકમો પરત આપેલ ન હોય તેમ કરી વાદી સાથે છળકપટ આચરેલ છે આ સંજોગોમા આ રકમ વ્યાજ સહિત પરત અપાવવા અરજ કરેલ છે અને જણાવે છે કે આ કામના પ્રતિવાદી નં.૧,૨ આ દાવાના કામે હાજર થઇ વાદી પક્ષે રજુ થયેલ પુરાવો પડકારેલ નથી અને વાદીએ પોતાનો દાવો પુરાવાથી પુરવાર કરેલ છે જેથી વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)** સદર દાવાના આખરી નિર્ણય માટે મારી પુરોગામી ન્યાયાધીશશ્રીએ **આંક–૧૩** થી નીચે મુજબનાં મુદ્દાઓ ઘડેલા છે, જે નીચે મુજબ છે.

## <u>// મુદ્દાઓ //</u>

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૩ ની મોજે ગામ ખડખંડાલી તા. વાગરા, જિ. ભરૂચના સર્વે નં. ૪૭ વાળી જમીનનાં વેચાણ દસ્તાવેજના સોદા પેટે રૂા. ૧૭,૨૫,૦૦૦/– વાદી પાસેથી મેળવેલા ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં. ૨ નાએ વેચાણ વાળા દસ્તાવેજના સોદા પેટે રૂા. ૩,૦૦,૦૦૦/– તથા દસ્તાવેજ ખર્ચ પેટે રૂા. ૫૦,૦૦૦/– આમ કુલ રૂા. ૩,૫૦,૦૦૦/– વાદી પાસે મેળવેલા ?

(૩) શું વાદી માગ્યા મુજબનુ વ્યાજ મેળવવા હકકદાર છે ?

(૪) શું વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામુ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નંબર – ૧ : '' હકારમાં ''

મુદ્દા નંબર – ૨ : '' હકારમાં ''

મુદ્દા નંબર – ૩ : '' હકારમાં ''

મુદ્દા નંબર – ૪ : '' હકારમાં ''

મુદ્દા નંબર – ૫ : '' આખરી હુકમ મુજબ ''

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ થી ૪**

સદરહું મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય હકિકતો અને પુરાવાઓનું પુનરાવર્તન અટકાવવાના આશયથી તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૭) ઉપરોકત મુદાઓ પરત્વે વાદી તરફે રજુ કરેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો વાદી પોતાના દાવાના સમર્થનમા આ કામે આંક – ૨૫ થી પોતાની લેખિત સરતપાસ રજુ કરેલ છે જેમા દાવા અરજીની હકિકતો જણાવેલ છે તથા આંક–૨૬ થી આંક–૪૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તથા પોતાના સમર્થનમા આંક–૪૯ થી સાહેદ જેઠીબેન જેસંગભાઇ પરમાર ને તપાસેલ છે તથા આંક–૫૪ થી સાહેદ અનિલ ધનસુખભાઇ પટેલ ની લેખિત સરતપાસ રજુ કરેલ છે. આ કામે વાદીની દાવા અરજીની મુખ્ય હકિકતો ધ્યાને લેવામા આવે તો વાદી દ્વારા મોજે ખડખંડાલી તા–વાગરા જિ–ભરૂચના સર્વે નંબર–૪૭ વાળી જમીન જે પ્રતિવાદી નં.૩ નાઓએ ખરીદ કરેલ હતી તે જમીન બાબતે પ્રતિવાદી નં.૧ નાઓ કે જે વાદીના મિત્ર હોય અને જમીન દલાલીનો ધંધો કરતા હોય વાદીના ઘરે આવી આ જમીન પ્રતિવાદી નં.૩ નાઓને પૈસાની જરૂર હોય વેચવાની છે અને તમારે ખરીદવી હોય તો ૨૦,૨૫,૦૦૦ મા પોતાના મિત્ર દ્વારા અપાવવાનુ જણાવેલ જેથી વાદીએ તે જમીન ખરીદવાની

તૈયારી બતાવેલ અને પ્રતિવાદી નં.૧ નાએ આ જમીન ઉપર વેચાણની નોંધ પડવાની બાકી હોય પ્રથમ બાનાખત કરી લઈ અને નોંધ કલીચર થયે દસ્તાવેજ કરી આપવાનુ જણાવેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં.૨ નાઓને રૂપિયા ૩,૦૦૦૦૦ દલાલી પેટે આપવાનુ નક્કી કરેલુ અને વાદી દ્રારા પ્રતિવાદી નં.૧ તથા ૨ ને આ રકમો ચુકવી આપવામા આવેલ જે રોકડમા તથા ચેક મારફતે ચૂકવી આપેલ અને ત્યારબાદ આ જમીનનુ બાનાખત તૈયાર કરી લાવી વાદીના ધરે અંકલેશ્વર મુકામે પ્રતિવાદી નં.૩ ના ફોટા સહિતનુ સહી વાળુ બાનાખત અને વેચાણ રાખનાર તરીકે વાદીએ સહી કરેલી અને પ્રતિવાદી નં.૧ ને વેચાણ કરનાર બાબતે પૂછતા તેઓ ભરૂચ મુકામે છે અને રુપિયા તથા ચેક તેઓને આપી દિધેલ છે અને બાનાખત નોટરી કરાવી આપી જઇશ તેમ જણાવેલ ત્યારબાદ પ્રતિવાદી નં.૧ નાઓએ રૂપિયા ૩,૦૦,૦૦૦ ની રસીદ પ્રતિવાદી નં.૨ ની સહી વાળી આપેલ હતી અને અસલ બાનાખતની વાદીએ માંગણી કરતા પ્રતિવાદી નં.૩ ભરૂચથી મુંબઇ જવાનુ હોવાથી ઉતાવળમા બાનાખત તેમની પાસે રહી ગયેલ છે થોડા દિવસમા મંગાવીને આપી દેશે તેમ જણાવેલ ત્યારબાદ વારંવાર આ જમીનનો દસ્તાવેજ કરી આપવાનો પ્રતિવાદી નં.૧ ને રજૂઆત કરતા પ્રતિવાદી નં.૧ નાઓએ વાદીને જણાવેલ કે પ્રતિવાદી નં.૩ ની વેચાણ અંગેની નોંધ રદ થયેલ છે જે સુધારી બીજી નોંધ પડે ત્યારબાદ દસ્તાવેજ કરાવી દઇશ પરંતુ જે નોંધ રદ થયેલ છે તેને ફરીથી પડાવવા ખર્ચ થાય તેમ હોય રૂપિયા ૫,૦૦,૦૦૦ લાખ ની રકમ માંગેલ જે વાદીએ પ્રતિવાદી નં.૧ ને ચુકવી દીધેલ ત્યારબાદ નવી નોંધ પ્રમાણિત થઇ ગયેલાની વાદીને જાણ થતા પ્રતિવાદી નં.૧ ને જણાવેલ અને દસ્તાવેજ કરાવી આપવા જણાવતા પ્રતિવાદી નં.૩ વિદેશમા હોય તે આવેથી દસ્તાવેજ કરી આપવાનુ જણાવેલ ત્યારબાદ વારંવાર જણાવવા છતા દસ્તાવેજ કરી

આપવા પ્રતિવાદી નં.૧,૨ દ્વારા કોઈ પગલા ભરવામા આવેલ નહિ અને આખરે પ્રતિવાદી નં.૩ દસ્તાવેજ કરવાની ના પાડે છે તેમ પ્રતિવાદી નં.૧,૨ નાઓએ જણાવેલ ત્યારબાદ વારંવાર પ્રતિવાદી નં.૧,૨ પાસે સદર અવેજની રકમ રૂપિયા ૨૦,૭૫,૦૦૦ માંગણી કરવા છતા ચૂકવેલ નહિ અને અલગ અલગ બહાના બતાવતા હોય આ બાબતે પ્રતિવાદી નં.૧ થી ૩ વિરૂધ્ધ અંકલેશ્વર પો.સ્ટે.મા વાદીએ અરજી આપેલી જેમા કોઈ કાર્યવાહી કરવામા આવેલ નહિ અને કલેકટર શ્રી ભરૂચને પણ ફરીયાદની નકલ મોકલવામા આવેલ જે ફરીયાદની તપાસ કરવા કલેકટર શ્રી ભરૂચે ડી.એસ.પી. ભરૂચને ભલામણ કરેલી અને તે ફરીયાદ સિવિલ કોર્ટથી દાદ લેવા જણાવી દફતરે કરવામા આવેલી અને તે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમા પણ પીટીશન વાદીએ દાખલ કરેલી આમ આ કામના પ્રતિવાદી નં.૧,૨ નાઓએ વાદી પાસે થી જમીન વેચાણના સોદા પેટે રૂપિયા ૨૦,૭૫,૦૦૦ જેટલી રકમ મેળવેલ હોય અને જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી આપેલ ન હોય તે રકમ વ્યાજ સહિત વસૂલ અપાવવા હાલનો દાવો કરેલ છે અને વાદી તરફે રજુ કરેલ આંક–૨૬ ધ્યાને લેવમા આવે તો તે દાવાવાળી જમીનની ગામ નમૂના નંબર–૭ ની નકલ છે જેમા કબજેદાર તરીકે ગુજરનાર પ્રતિવાદી નં.૩ છે તથા આંક–૨૭ થી રજુ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેવામા આવે તો આ વેચાણ દસ્તાવેજ ગુજરનાર પ્રતિવાદી નં.૩ નાઓએ દાવાવાળી જમીન તેના માલિકો પાસેથી ખરીદ કરેલ તેનો દસ્તાવેજ છે અને આ કામે આંક–૨૯ ધ્યાને લેતા તે પ્રતિવાદી નં.૨ નાઓએ લખી આપેલ નાણા મળ્યાનુ વાઉચર છે જે ધ્યાને લેતા વાદી પાસેથી વેચાણ બાનાખત સર્વે નંબર–૪૭ પેટે રૂપિયા ૩,૦૦,૦૦૦ મળ્યા અંગેની પહોંચ છે જેમા પ્રતિવાદી નં.૨ ની સહી વાદી દ્વારા ઓળખી બતાવવામા આવેલ છે તથા આંક–૩૦ થી  આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ વાદીને આપેલ

રસીદ છે જે ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ આ કામના વાદી પાસેથી રૂપિયા ૧૭,૨૫,૦૦૦ પ્રતિવાદી નં.૩ ને ચૂકવવા માટે લીધેલ હોવાની હકિકત તથા તે રકમ પ્રતિવાદી નં.૩ ને ચૂકવી દીધેલ છે તેવી હકિકત જણાવેલ છે અને વાદી સાથે બાનાખત થયેલ હોવાની હકિકત જણાવેલ છે જે રસીદ નોટરાઇઝ કરવામા આવેલ છે જે સાક્ષી રૂબરૂ લખી આપવામા આવેલ હોવાની હકિકત પણ જણાવેલ છે અને આ કામે વાદી તરફે તપાસેલ આંક-૪૯ ના સાહેદ કે જે સદર પહોંચ નોટરાઈઝ કરનાર નોટરી એડવોકેટ છે તેઓએ પણ વાદીની તે હકિકતોને સમર્થન આપેલ છે તથા આ કામે વાદી દ્વારા પ્રતિવાદી નં.૧, ૨ ને જે કંઇ રકમો ચેક મારફતે ચૂકવી આપેલ તે બાબતે આંક-૩૧ તથા આંક-૩૨ થી બેન્ક ખાતાની પાસબુક રજુ રાખેલ છે તથા આ કામના વાદી દ્વારા પ્રતિવાદીઓ વિરૂધ્ધ અંકલેશ્વર પો.સ્ટે.મા તથા કલેકટર શ્રી ભરૂચને કરવામા આવેલ અરજીઓ તથા સાથે અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોસ્ટે.ના પોલીસ અધિકારી દ્વારા તે અરજીઓ અનુસંધાને વાદીનુ નોંધવામા આવેલ નિવેદન આંક-૩૩ થી આંક-૩૯ રજુ કરવામા આવેલ છે તથા આ કામે વાદી દ્વારા આ કામના પ્રતિવાદીઓને આપવામા આવેલ તારીખ-૨૭/૧૧/૨૦૨૧ ના રોજની નોટિસ આંક-૪૧ થી રજુ રાખેલ છે તથા નામદાર હાઇકોર્ટમા વાદી દ્વારા દાખલ કરવામા આવેલ સ્પે.ક્રિ.એપ્લીકેશન ની ડ્રાફ્ટ કોપી રજુ કરેલ છે. આમ વાદી તરફેના ઉપરોકત મુજબનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામા આવે તો આ કામે પ્રતિવાદી નં.૧,૨ નાઓને વાદી દ્વારા અલગ અલગ રીતે કુલ રૂપિયા ૨૦,૭૫,૦૦૦ જેટલી રકમ ચુકવી આપેલ હોવાનુ વાદી તરફે રજુ કરેલ પુરાવાથી પુરવાર થાય છે વધુમા આ કામે પ્રતિવાદી નં.૧,૨ દ્વારા વાદી તરફે રજુ કરવામા આવવેલ સમગ્ર પુરાવો પડકારવામા આવેલ નથી ત્યારે વાદી દ્વારા રજુ કરવામા

આવેલ આંક–૨૯ અને આંક–૩૦ વાળી પહોંચો ધ્યાને લેવામા આવે તો પ્રતિવાદી નં.૧,૨ નાઓએ વાદી પાસેથી રૂપિયા ૨૦,૨૫,૦૦૦ મેળવેલ હોવાની હકિકત સ્પષ્ટ પુરવાર થયા છે તથા વાદી તરફે આંક–૫૪ થી તપાસેલ સાહેદ અનિલભાઇ ધનસુખભાઇ નાઓની લેખિત સરતપાસ ધ્યાને લેતા પ્રતિવાદી નં.૨ ને રૂપિયા ૫૦,૦૦૦ પોતાના પુત્રના યુકો બેન્ક અંકલેશ્વર ના ખાતામાથી ચૂકવેલ હોવાની હકિકત પણ પુરવાર થાય છે આમ આ કામના પ્રતિવાદી નં.૧,૨ ને વાદી તરફથી કુલ રૂપિયા ૨૦,૭૫,૦૦૦ મળેલ હોવાની હકિકત પુરવાર થાય છે વધુમા આ કામે પ્રતિવાદી નં.૩ તરફે વાદી તથા વાદીના સાહેદોની કરવામા આવેલ સમગ્ર ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો આ જમીનના વેચાણ સોદા માટેની નક્કી થયા મુજબની રકમ પ્રતિવાદી નં.૩ ને મળેલ હોય એવી હકિકત પુરવાર થતી નથી અને જયારે પ્રતિવાદી નં.૧,૨ દ્બારા આ રકમ તેઓએ પ્રતિવાદી નં.૩ ને ચુકવી આપેલ હોય એવી હકિકત પુરવાર કરવા પણ હાજર થઇ કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે આ કામના વાદી પાસેથી પ્રતિવાદી નં.૧ નાઓએ રૂપિયા ૧૭,૨૫,૦૦૦ તથા પ્રતિવાદી નં.૨ નાઓએ પ્રથમ રૂપિયા ૩,૦૦,૦૦૦ અને ત્યારબાદ રૂપિયા ૫૦,૦૦૦ મેળવેલ હોવાની હકિકત વાદી દ્બારા સ્પષ્ટ પણે પુરવાર કરવામા આવેલ છે ત્યારે સદર રકમ આ કામના વાદી વ્યાજસહિત પ્રતિવાદી નં.૧,૨ પાસેથી મેળવવા પણ હકદાર છે ત્યારે આ કામના વાદી આ રકમ ઉપર કેટલુ વ્યાજ મેળવવા હકદાર છે તે બાબતે સી.પી.સી. કલમ–૩૪ ની જોગવાઇઓ ધ્યાને લેવામા આવે તો વાદી દ્બારા જમીનની લે–વેચ બાબતમા વ્યવહાર પેટે રકમ આપેલ હોવાની વાદીની હકિકત છે તે સંજોગોમા સદર જોગવાઇઓ ધ્યાને લેતા વાદી આ રકમ ૬(છ) ટકા વ્યાજ સાથે મેળવવા હકદાર થતા હોવાનુ ઠરાવી મુદા નં. ૧ થી ૪ હકારમા ઠરાવી મુદા નં. ૫

પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) વાદીઓનો હાલનો દાવો મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને ઠરાવવામા આવે છે આ કામના વાદી પ્રતિવાદી નં.૧ પાસેથી રૂપિયા ૧૭,૨૫,૦૦૦ તથા પ્રતિવાદી નં.૨ પાસેથી રૂપિયા ૩,૫૦,૦૦૦ વાર્ષિક ૬ ટકા વ્યાજ સાથે મેળવવા હકદાર છે આ રકમ પ્રતિવાદી નં. ૧ , ૨ નાઓ એ વાદીને વસૂલ થતા સુધી છટકા વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કરવામા આવે છે .

(૨) વાદીનો ખર્ચ પ્રતિવાદિ નં. ૧ , ૨ નાઓએ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજરોજ **તા:૩૦મી, માહે : માર્ચ , સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૩૦/૦૩/૨૦૨૬ | **( આર. સી. સોઢાપરમાર )** |
| સ્થળ : વાગરા | પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, વાગરા, |
| | જજ કોડ જી. જે. ૦૧૧૫૮ |